**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૩૧/૧૨/૧૩ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**<u>શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૩૯૪૬/૧૩</u>**

**<u>ક્રાઇમ બ્રાન્ચ :</u>** **<u>(૧)</u>**

પોલીસ કમિશ્નરશ્રી, અમદાવાદ શહેર નાઓની સુચનાથી તથા સંયુકત પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાન્ચ તથા નાયબ પો.કમિ.શ્રી ક્રાઇમ બ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ તથા મ.પો.કમિ.શ્રી સાયબર સેલ તથા પોલીસ ઇન્સપેક્ટરશ્રી સાયબર સેલ અમદાવાદ શહેર નાઓની રાહબરી હેઠળ આપેલ સુચના મુજબ ક્રાઇમ બ્રાન્ચ ના પો.સ.ઇ.તરલ ભટ્ટ નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન બાતમી મળેલ કે, મદ્રાસી મંદિરથી ખોખરા સર્કલ તરફ જતા રોડ ઉપર આવેલ રાજ કોમ્પ્લેક્ષમા સુનીલ યાદવ અને તેના સાગરીતો કોલ સેન્ટર ચલાવે છે અને તેઓ જાહેર જનતાને મો.ફોનથી ફોન કરી HDFC બેન્કમાંથી બોલુ છુ અમે તમને ઝીરો ટકા વ્યાજવાળી લોન આપીએ છીએ જો તમારે લોન જોઇતી હોય તો અમે વ્યવસ્થા કરી આપીએ તેમ જણાવી ભોળવી રેસીડેન્ટના દસ્તાવેજ અને એક કોરો ચેક તથા બીજો કેન્સલ ચેક મેળવી કોરા ચેકમા મોટી રકમ ભરી બેન્કમાંથી નાણા ઉપાડી લઇ, કોઇ લોન નહીં અપાવી લોકોની સાથે છેતરપીંડીઓ કરે છે વિગેરે મતલબની બાતમી હકિકત આધારે બાતમીવાળી જગ્યાએ જઇ તપાસ કરતા,

(૧) સુનીલ નંદલાલ યાદવ, ઉવ.૨૮, રહે.૮, શીવાલય એપાર્ટમેન્ટ, અમરાઇવાડી પોસ્ટ ઓફિસ પાસે, અમરાઇવાડી (૨) હરેશ દિનેશભાઇ લોહાણા (સીંધી), ઉવ.૨૪, રહેવાસીઃ ૪૧૦, નહેરુનગર, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ

(૩) અસ્ફાક ઉર્ફે આકાશ યુનુસભાઇ જુનેજા, ઉવ.૨૧, રહેવાસીઃ ૪, હજરત બિલાલ સોસાયટી, વેજલપુર પોલીસ ચોકીની પાછળ, વેજલપુર રોડ, અમદાવાદ.

(૪) ધર્મેશ રમેશભાઇ પટેલ, ઉવ.૨૪, રહેવાસીઃ ૪૪/૧૦૫૬, ગુજરાત હાઉસીંગ બોર્ડના મકાન, મેઘાણીનગર છેલ્લુ બસ સ્ટેન્ડ, મેઘાણીનગર, અમદાવાદ.

ઉપરોક્ત ઇસમોની પુછપરછમા તેઓએ લોકોને મો.ફોનથી ફોન કરી HDFC બેન્કના કર્મચારી હોવાનુ જણાવી માંથી ઝીરો ટકા વ્યાજ વાળી પર્સનલ લોન, કાર લોન, હોમ લોન, મોર્ગેજ લોન અપાવવાનુ જણાવી તેમજ આ લોન માટે બેન્કમાં કોઇ ધકકા ખાવા પડશે નહીં અને બેન્કનો કર્મચારી તમારા ઘરે આવી ડોકયુમેન્ટ લઇ જશે અને રેસીડેન્ટ વેરીફીકેશન પણ કરી લેશે તેવુ જણાવી લોન ઇચ્છુક લોકોને આસાનીથી લોન આપવામા આવશે તેવો વિશ્વાસ આપી ભોળવી તેઓની પાસેથી રેસીડેન્ટ પ્રુફ રેશન કાર્ડ, પાન કાર્ડ, ઇલેકટ્રીક લાઇટ બીલ, આઇટી રીટર્ન, બેન્ક પાસબુક ની નકલો મેળવી તેમજ એક કોરો ચેક સેલ્ફ લખેલ અને બીજો કેન્સલ ચેક મેળવી થોડા દિવસોમા લોન મળી જશે તેમ જણાવી તેઓના બેન્ક ખાતામા બેલેન્સ રાખવુ જેથી બેન્ક તમારા ખાતામાં નિયમીત વ્યવહાર

થાય છે તેમ જાણી તાત્કાલીક લોન આપે છે તેમ જણાવી બેન્કમા જો બેલેન્સ ન હોય તો રૂા.૧૦,૦૦૦/- થી વધુની રકમ ભરાવી તે રકમ મળેલ કોરા સેલ્ફ લખેલ ચેકમા લખી નાણા ઉપાડી લેતા હોવાનુ તેઓની પુછપરછમા જણાઇ આવેલ છે.

આ આરોપીઓના કબ્જાની ઓફિસમાંથી અલગ અલગ બેન્કોના ચેક, મો.ફોન, સીમ કાર્ડ, લેપટોપ વગેરે મળી આવેલ છે. જેઓને એરેસ્ટ કરી દાણીલીમડા પો.સ્ટે.મા ગુનો દાખલ થયેલ હોઇ વધુ તપાસ માટે સોંપવા તજવીજ કરવામા આવેલ છે.

ઉપરોક્ત ઇસમોની સાથે અન્ય બે સ્ત્રીઓ સાનીયા ભગસારીયા તથા પરાગ ગુપ્તા અને પીન્ટુ જયસ્વાલ નામના બે ઇસમો પણ સામેલ હોવાનુ પુછપરછ દરમ્યાન જણાઇ આવેલ છે.

આ કામે પકડાયેલ ઇસમોએ જ્યારે લોકોને ફોન કરી કરી HDFC બેન્કના કર્મચારી હોવાનુ જણાવતા ત્યારે પોતાનુ અસલ નામ નહી બતાવી અલગ અલગ નામથી ફોન કરતા, જેમા સાનીયા ભગસારીયા - આલીયા, હેતલ વોરા - સોનલ, સોના, કેસર શેખ - અર્ચના, અશ્ફાક જુનેજા - આકાશ, હરેશ સીંધી - હિતેષભાઇ નામ રાખી લોકો સાથે વાત કરતા હતા.

પકડવામા આવેલ સુનીલ યાદવે તેની ઓફિસમાંથી મળેલ જુદા જુદા સીમ કાર્ડ કોના નામે લીધેલ છે અને આ સીવાય બીજા કેટલા લોકોને છેતરેલ છે તે બાબતે વધુ તપાસ ચાલી રહેલ છે.

<u>ક્રાઇમ બ્રાન્ચ :</u> <u>(૨)</u>

તા-૨૮/૧૨/૧૩ ના રોજ બાતમી આધારે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. અને ફરતા-ફરતા કલાક.૧૫/૨૦ વાગ્યે સરખેજ-સાણંદ ચોકડી પાસે આવતા સાથેના પો.કો.સરદારસિંહ શીવુભા નાઓને બાતમી હકિક્ત મળેલ તે આધારે સરખેજ ઉજાલ સર્કલ પાસે ટાટા ટ્રક નંબર જી.જે.૨૦-ટી-૫૫૮૬ માં શંકાસ્પદ લાક્ડાનો જથ્થો સાથે ઇશરાર સ/ઓ અબ્દુલ ખાલીદ જાતે શેખ ઉ.વ.૪૨ રહે-બ્લોક નં.૩૧/મકાન નં. ૯૮૧ ઔડા ના મકાન માં, રેલ્વે ક્રોસીંગ પાસે, ચાર માળીયા, વટવા, અમદાવાદ તથા ઉદય @ રાજા સ/ઓ અન્ના પેરેગુ જાતે શેટ્ટી ઉ.વ.૪૩ રહે- મકાન નં.ડી/૧૧૦૩ પ્લોટ નંબર- ૧૪ સેકટર- ૧૭, ન્યુ ક્રિષ્ણા કો.ઓ.હા.સોસા., કોપર-ખેરાની, નવી મુંબઇ, મહારાષ્ટ્ર પકડેલ હતો. બાદ ફોરેસ્ટ અધિકારી શ્રી બી.જી.ફુરીલ સા.ની દેખરેખ હેઠળ શ્રી પી.એફ.રાજપુત સા. નાઓએ સ્થળ પર આવી આ ટ્રક માંથી મળી આવેલ લાકડુ રક્ત ચંદન હોવાનું જણાવેલ. તેમજ શંકદારો ની અંગ જડતી માંથી રોકડ રૂ. ૨,૧૦૦/- તથા મોબાઇલ ફોન નંગ-૨ કિ.રૂ.૩,૫૦૦/- તથા ડ્રા.લાયસન્સ-૧ કિ.રૂ.૦૦/૦૦ મળી આવેલ. તેમજ ટાટા ટ્રક નં જી.જે.૨૦-ટી-૫૫૮૬ કિ.રૂ. ૩,૫૦,૦૦૦/- તથા ઇનોવા કાર એમ.એચ-૦૪-ડી.એન.-૪૫૪૫ કિ.રૂ. ૬,૦૦,૦૦૦/- ગણેલ. ટ્રકમાં ના લાક્ડા કુલ્લે- ૨૬૨/- નંગ લાકડા જણાયેલ અને પંચનામાં વિગતે. બાદ આ લાક્ડાનું ધન મીટર અંગે વનપાલ, દસ્ક્રોઇ શ્રી આર.એમ.ડાભી પોતાની ટીમ સાથે માપણી કરેલ. અને જેમાં લાકડા પર આપેલ આંક નં. ૧ થી ૨૫૯ જે રક્ત ચંદન હોવાનું જણાવેલ. અને આંક નં. ૨૬૦ થી ૨૬૨ ત્રણ

લાકડા સીસમ ના હોવાનું જણાવેલ. અને વધુમાં આ લાકડા ની આશરે સ્થાનિક કિંમત એક કિલ્લો ના રૂપિયા ૪૦૦/- હોવાનું જણાવતા. જે અંગે ખાલી ટ્રક તથા લાક્ડા ભરેલ ટ્રક નું વજન કરી જોતા રક્ત ચંદન તથા સીસમ ના લાકડા નું વજન ૬૪૬૦/- જે અંદાજીત કિંમત રૂ. ૨૫,૮૪,૦૦૦/- જેટલી ગણેલ. જે કિંમતી લાકડુ ફોરેસ્ટ વિભાગના કાર્યક્ષેત્ર નું હોય. જે ઉપરોક્ત ઉદય @ રાજા સ/ઓ અન્ના પેરેગુ શેટ્ટી નાઓનો શંકાસ્પદ લાક્ડા નો જથ્થો સાથે ની ટ્રક તથા ઉદય શેટ્ટીની ઇનોવા કાર તથા ઉદય શેટ્ટીની અંગ-જડતીની ચીજવસ્તુનો કુલ્લે-મુદામાલ કિ.રૂ. ૩૫,૩૯,૬૦૦/-નો સી.આર.પી.સી. ૧૦૨ મુજબ તપાસ અર્થે કબ્જે કરી જે અંગે સ્ટે,ડા.નોંધ ૧૦/૨૦૧૩ થી કરાવી અસલ પ્રકરણ રેન્જ ફોરેસ્ટ ઓફીસ, દસ્ક્રોઇ, અમદાવાદ વિભાગના અધિકારી શ્રી તરફ કાગળો કરી ફોરેસ્ટ કચેરી-દસ્ક્રોઇ નાઓએ શંકદાર ઉદય @ રાજા સ/ઓ અન્ના પેરેગુ શેટ્ટી નાઓનો કબ્જો સંભાળી લઇ રેન્જ ફોરેસ્ટ કચેરી દસ્ક્રોઇ ખાતે ભારતીય વન અધિનીયમ સને ૧૯૭૨ ની કલમ ૪૧(૨) બી મુજબ નો ગુ.ર.નં. ૦૧/૧૩ થી ગુનો દાખલ કરેલ છે.

(૧) શકદાર = ઉદય @ રાજા સ/ઓ અન્ના પેરેગુ જાતે શેટ્ટી ઉ.વ.૪૩ રહે- મકાન નં.ડી/૧૧૦૩ પ્લોટ નંબર-૧૪ સેકટર- ૧૭, ન્યુ ક્રિષ્ણા કો.ઓ.હા. સોસા., કોપર-ખેરાની, નવી મુંબઇ, મહારાષ્ટ્ર

(૨) ગુન્હાનો પ્રકાર – રકત ચંદન ના લાક્ડા રેન્જ ફોરેસ્ટ કચેરી દસ્ક્રોઇ ગુના ર.નં. ૦૧/૨૦૧૩ ભારતીય વન અધિનીયમ સને ૧૯૭૨ ની કલમ ૪૧(૨) બી મુજબ

(૩) ગુ,બ.તા.સમય તથા સ્થળ – તા- ૨૮/૧૨/૨૦૧૩ ના કલાક. ૧૯/૩૦ વાગ્યે ઉજાલા સર્કલ સરખેજ પાસે ટ્રક નંબર- જી.જે.૨૦- ટી- ૫૫૮૬ ની ટ્રક માં મળી આવેલ છે.

(૪) આરોપી નું પકડ્યા નું સ્થળ – ઉજાલા સર્કલ સરખેજ પાસે. મુદામાલ લાકડુ જે વન ખાતા વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ નું હોય શંકદાર સાથે મુદામાલ રેન્જ ફોરેસ્ટ ઓફીસ- દસ્ક્રોઇ, ગુરૂદ્વારા, અમદાવાદ ખાતે વધુ તપાસ સારૂ તા- ૩૦/૧૨/૧૩ ના રોજ સોપેલ છે.

(૫) પકડનાર કર્મચારી નું નામ-હોદો :– એ.એસ.આઇ. શ્રી રણુભા પ્રતાપસિંહ બ.નં.૭૧૬૨
**(બાતમી)** = અનાર્મ પો.કોન્સ્ટે. સરદારસિંહ શીવુભા બ.નં.૯૬૪૪ નો- ક્રાઇમ બ્રાન્ચ, અમદાવાદ

**<u>નરોડા પો.સ્ટે.</u>** : નરોડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.ન.૨૮૧/૧૩ ઇપીકો કલમ ૪૫૪,૩૮૦,૧૧૪ મુજબના કામનો આરોપી દિનેશ ઉર્ફે લાલાજી વુન્દાવન લાલ શાહુ ઉર્ફે શાહ (તેલી વાણીયા) ઉવ.૩૧ રહે હાલ ભાડાના મકાનમાં એ/૧૦૧ દેવરાજ ફ્લેટ હરીદર્શન ચાર રસ્તા નવા નરોડા અમદાવાદનાઓને તા.૩૦/૧૨/૨૦૧૩ ના ક્લાક ૧૮:૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે સદરી આરોપી એ તપાસ દરમ્યાન અમદાવાદ શહેરના તથા ગાંધીનગરના ઘરફોડ ચોરીના ગુનાની કબુલાત આપેલ છે જેમાં અમદાવાદ શહેરના કુલ્લે ૧૨ તથા ગાંધીનગર જિલ્લા ના કુલ ૮ મળી કુલ્લે ૨૦ દિવસની ઘરફોડ ચોરીની કબુલાત આપેલ છે સદરી પાસેથી અલગ અલગ જ્ગ્યાએથી ચોરી કરેલ મુદ્દામાલ ૨,૩૯,૩૬૧/- કિંમતનો મુદ્દામાલ કબ્જે લીધેલ છે.

**<u>વટવા પો.સ્ટે.:-</u>**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ ફસ્ટ ગુ.ર.નં.૬૪૪/૨૦૧૩ ઇપીકો કલમ ૩૦૨, ૩૦૭,૨૯૪(ખ) તથા બોમ્બે મની લેંડ એક્ટ કલમ ૫, ૭, ૩૩ મુજબના ગુનામાં આરોપી પ્રદિપભાઇ મગળદાસ માનાભાઇ સોલંકી (ઉ.વ.૪૮) (રહે. મ.નં.૩૫ રાજનગર સોસાયટી, પી.ડી. પંડ્યા કોલેજ રોડ, ઘોડાસર) (મૂળ વતન ગામ: વીરા તલાવડી, રાયપુર ગામ પાસે, તા.જી. ગાંધીનગર) ને વટવા પોલીસ સ્ટેશન સેકન્ડ પોલીસ ઇન્સ્પેકટર, એમ.જે.બડમલિયા નાઓએ તા.૩૦/૧૨/૨૦૧૩ ના કલાક ૧૦.૪૫ વાગે પકડી અટક કરી મુદત અંદર નામદાર કોર્ટ કસ્ટડીમાં કેદ રહેવા સારૂ આ બરાબર મોકલી આપેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.